રજુ તારીખ : ૦૪/૦૬/૨૦૨૬
દાખલ તારીખ : ૦૪/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬
અવધિ : ૦૦ વર્ષ ૦૦ માસ ૦૬ દિવસ

## અરવલ્લી જિલ્લાના મે.સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં, મુ. મોડાસા

**ક્રિ.પ.અ.નં.૬૭૫/૨૦૨૬**
આંક-

અરજદાર/આરોપી : પ્રજ્ઞેશભાઇ સ.ઓ. નારણભાઇ લાલજીભાઇ તબીયાડ
ઉ.આ.વ.૨૯, ધંધો-મજુરી
રહે. હરીપુરા, તા.ભિલોડા, જી.અરવલ્લી

વિરુધ્ધ

સામાવાળા : શ્રી સરકાર

અરજ - બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી

---

અરજદાર/આરોપી તરફે.. વિ.વકીલ શ્રી આર.જે.ડાભી
સામાવાળા/શ્રી સરકાર તરફે.. વિ.પી.પી.શ્રી ડી.એસ.પટેલ

---

**-: હ રા વ :-**

૧.. અરજદાર/આરોપીએ ભિલોડા પો.સ્ટે. ગુના રજી.નં.૦૧૨૭/૨૦૨૬, બી.એન.એસ.-૨૦૨૩ની કલમ- ૧૦૩(૧), ૧૦૯(૧), ૧૨૫(અ), ૧૨૫(બી), ૧૮૯(૧), ૧૯૧(૨) અને ૧૯૦ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગુન્હાના કામે પોલીસે તેઓને તા.૮/૨/૨૦૨૬ના રોજ અટક કરી ભિલોડાના વિ.એડી.ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં રજુ કરેલ અને તેઓ જયુડી.કસ્ટડીમાં હોઇ ચાર્જશીટ થયા બાદ તેઓએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

૨.. અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ બજતા સરકાર તરફે વિ. પી.પી.શ્રી ડી.એસ.પટેલ હાજર રહેલ છે અને આંક-૬થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે.

૩.. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને તેઓને ગુન્હાના કામે ખોટી

રીતે સંડોવી દીધેલ છે અને તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી. ફરિયાદમાં કોઇ જગ્યાએ અરજદારનું નામ જણાવેલ નથી, પરંતુ મરણજનાર હાર્દિક સતીષભાઇ હોથા તથા ઈજા પામનાર યોગેશભાઇ મણિભાઇ ડામોરનાઓ બનાવ સમયે મોટર સાયકલ ઉપરથી પડી જતા તેઓએ ઈજાઓ થયેલી અને અકસ્માતમાં ગુજરી ગયેલ છે, તેમ છતાં ખોટી અદાવત ઉભી કરી અરજદાર/આરોપીને ગુન્હામાં ખોટી રીતે સંડોવેલ છે અને અરજદાર/આરોપી ફરિયાદી કે મૃતકને ઓળખતા પણ નથી કે તેઓની સાથે કોઇ જ તકરાર કે ઝઘડો થયેલ નથી કે અરજદાર/આરોપી બનાવ સમયે કોઇ લગ્નના વરઘોડામાં પણ ગયેલ નથી. આમ, અરજદાર/આરોપી બનાવ વિશે કંઇ જાણતા નથી તેમ છતાં તેઓને જેલમાં રાખવાના બદઈરાદાથી હાલની ખોટી ફરિયાદ આપેલ છે તે હકીકત ધ્યાને લેવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીઉપરોકત જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે, કયાંય નાસીભાગી જાય તેવા નથી, નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે તેથી અરજીની હકીકત અને કેસના સંજોગો ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૪.. સામાવાળા તરફે વિ.પી.પી.શ્રીએ ફરિયાદ હકીકત ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદમાં જણાવેલ તારીખે, સમયે અને જગ્યાએ ફરિયાદી તથા સાહેદો સાથે તમો ઝઘડો કરવા આવ્યા છો તેમ કહી બોલાચાલી જપાજપી કરી સાહેદ સુમીતભાઇનાઓએ વચ્ચે પડી છોડાવી સમાધાન કરેલ ત્યારબાદ તેમની અદાવત રાખી રાત્રિના આશરે દસેક વાગે ફરિયાદી તથા સાહેદો વાહનો લઇ ઘરે જવા નીકળેલ તે વખતે ઉપરોકત તમામ આરોપીઓએ તેઓનો સમાન ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળી બની બીજાની જીંદગી જોખમમાં મુકાય તે રીતે મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી ફરિયાદી / સાહેદોને છુટા પથ્થરો મારી

જીવલેણ હુમલો કરી આરોપી નં.૧નાએ મરણજનાર હાર્દિકભાઇ સતીષભાઇ હોથાને માથાના ભાગે પથ્થર મારી જીવલેણ ઈજા કરી તેઓનું મોત નિપજાવેલ છે અને  આરોપી નં.પ સાવન ઉર્ફે જીવો સ.ઓ. નરેશભાઇ બચુભાઇ ભગોરાનાએ સાહેદ યોગેશભાઇ મણિલાલ ડામોરને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે પથ્થરમારો કરી ફરિયાદીને જમણા હાથની પ્રથમ આંગળીએ તથા બરડાના ભાગે ઈજા પહોંચાડી જિલ્લા મેજી.સાહેબના ચાલતા જાહેરનામાનો ભંગ કરેલ છે અને હાલની અરજીના અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે ભેગા મળી ખૂન તથા ખૂનની કોશીશ જેવો ખૂબ જ ગંભીર પ્રકારનો જધન્ય અપરાધ કરેલ છે અને બનાવના સ્થળે હાલના અરજીના અરજદાર/આરોપીની હાજરી જણાઇ આવેલ છે  તે સંજોગોમાં તેઓના જામીન મંજુર કરવામાં આવે તો તેઓ ફરિયાદી તથા સાહેદોને યેનકેન પ્રકારે ધમકાવી લોભ લાલચ આપી ફરિયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી શકયતાઓ  નકારી શકાય તેમ નથી તેથી હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

પ.. અરજીની હકીકતો વંચાણે લીધી. બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. અરજીના સમર્થનમાં રજુ આંક-૩નું દસ્તાવેજી પુરાવાલીસ્ટ ધ્યાને લીધું તથા તપાસ કરનાર અધિકારીનું આંક-૬નું સોગંદનામું  વંચાણે લીધું. ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સ તથા ફરિયાદ હકીકત વંચાણે લેતાં આ કામના ફરિયાદી- કૃણાલભાઇ સ.ઓ. સોમાભાઇ કાંતિભાઇ પાંડોરનાઓ બનાવ સમયે  સાહેદ યોગેશભાઇ મણિલાલ ડામોર તથા હાર્દિકભાઇ સતીષભાઇ હોથાનાઓ તથા અન્ય મિત્રો સાથે પોતપોતાની પલ્સર મોટર સાયકલ તથા એકટીવા જેવા વાહનો લઇ તેઓના મિત્ર સુમીતભાઇ ચંદુભાઇ બરંડા, રહે.હરીપુરા, તા.ભિલોડા, જી.અરવલ્લીનાઓના કાકા મણિલાલ દીતાજી બરંડાના દીકરા પ્રજ્ઞેશભાઇના લગ્નમાં સાંજના ચારેક વાગ્યે ગયેલ હતા તે વખતે વરઘોડો ઘરે પાછો આવતો હતો અને તેઓ બધા તેમના મિત્ર સુમિતના ઘર પાસે જઇને બેઠેલ હતા તે

વખતે સુમિતભાઇના ઓળખીતા હરીપુરા ગામના જીજ્ઞેશભાઇ ઉર્ફે નાન્યો હીરાભાઇ ઉર્ફે અઢેળાજી બરંડા તથા વિવેક ઉર્ફે મંગો શૈલેષભાઇ બરંડા તથા હાલના અરજદાર/આરોપી પ્રજ્ઞેશભાઇ નારણભાઇ તબીયાડ તથા મનિષભાઇ બાબુભાઇ તબીયાડ તથા દેવેન્દ્રકુમાર વાસુદેવ ખરાડી તથા સાવનકુમાર ઉર્ફે જીવો નરેશભાઇ ભગોરા રવિન્દ્રભાઇ સમંદરભાઇ ભગોરા તથા મહેશભાઇ ઉર્ફે દાનો કાંતિભાઇ ભગોરા તેમની પાસે આવેલા અને આરોપી જીજ્ઞેશભાઇએ ફરિયાદી સાથેના તેમના ગામના હાર્દિકભાઇ સતીષભાઇ હોથા તથા ફરિયાદીને જણાવેલ કે તમે અમારી જોડે ઝઘડો કરવા આવ્યા છો તેમ કહી તેમની સાથે બોલાચાલી કરેલી અને જપાજપી કરેલી અને તે વખતે ફરિયાદીના મિત્ર સુમિત ચંદુભાઇ બરંડા તથા વિપુલભાઇ સુરેશભાઇ બરંડાએ વચ્ચે પડી તેઓને છોડાવેલ અને સમાધાન કરેલ. ત્યારબાદ રાત્રિના આશરે દસેક વાગે ફરિયાદી અને તેમના મિત્રો ઘરે પરત જવા માટે તેઓના પોતપોતાના વાહનો ઉપર નીકળેલા અને થોડે આગળ રોડ ઉપર આવતા તેઓની સાથે બોલાચાલી કરનાર જીજ્ઞેશભાઇ ઉર્ફે નાન્યો હિરાભાઇ ઉર્ફે અઢેળાજી બરંડા તથા વિવેક ઉર્ફે મંગો શૈલેષભાઇ બરંડા તથા હાલના અરજદાર/આરોપી પ્રજ્ઞેશભાઇ નારણભાઇ તબીયાડ તથા મનીષભાઇ બાબુભાઇ તબીયાડ તથા દેવેન્દ્રકુમાર વાસુદેવ ખરાડી તમામ રહે.હરીપુરા, તા.ભિલોડા, જી.અરવલ્લી તથા અન્ય આરોપીઓ સાવનકુમાર ઉર્ફે જીવો નરેશભાઇ ભગોરા, રવિન્દ્રભાઇ સમંદરભાઇ ભગોરા તથા મહેશભાઇ ઉર્ફે દાનો કાંતિભાઇ ભગોરાનાઓ તેઓની આગળ રોડની સાઇડમાં આવી તેમના ઉપર કીકીયારીઓ કરી પથ્થરમારો કરેલો અને ફરિયાદીની મોટર સાયકલ આગળ હોય અને તેઓ મોટર સાયકલ ચલાવતા હોય ફરિયાદીને જમણા હાથની પ્રથમ આંગળીએ તથા જમણા બરડાના ભાગે પથ્થર વાગતા ઈજા થયેલ અને તેઓની પાછળ આવતા આર.એસ.૨૦૦ મોટર સાયકલ નં.જી.જે.૨૭.એ.આર.૪૨૧૭ ઉપર હાર્દિકભાઇ સતીષભાઇ હોથા તથા યોગેશભાઇ મણીલાલ ડામોરનાઓને માથના ભાગે તથા શરીરે છુટા પથ્થરો વાગતા તેઓનું મોટર સાયકલ નીચે પડી ગયેલું, જેથી

ફરિયાદી તેઓનું મોટર સાયકલ ઉભું રાખી તેઓની પાસે જતા તે વખતે આરોપી જીજ્ઞેશભાઇએ તેમના હાથમાંનો પથ્થર હાર્દિકભાઇ સતીષભાઇ હોથાના માથામાં મારેલ તથા દેવેન્દ્રકુમાર વાસુદેવ ખરાડીએ તેમના હાથમાંનો પથ્થર યોગેશભાઇ મણિલાલ ડામોરને માથાના ભાગે મારેલ અને આ બનાવ ફરિયાદીએ નીચે પડેલ મોટર સાયકલના લાઇટના અજવાળામાં જોયેલ અને ત્યારબાદ ઉપરોકત જણાવેલ તમામ આરોપીઓ તથા હાલના અરજીના અરજદાર/આરોપી ત્યાંથી ભાગી ગયેલા અને સદર બનાવ અંગેની ફરિયાદ આધારે આરોપીઓ વિરુધ્ધ ગુન્હો દાખલ કરેલ છે અને બનાવ સમયે હાલના અરજીના અરજદાર/આરોપીની સ્થળ ઉપર હાજરી હોવાનું ફરિયાદ હકીકત ધ્યાને લેતાં પ્રથમદર્શનીય જણાઇ આવે છે. તેમજ બનાવ સમયે મરણજનાર તથા ઈજાપામનાર મોટર સાયકલ ઉપરથી અકસ્માતે નીચે પડી ગયેલ હતા કે કેમ? તે પુરાવાનો વિષય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં હાલની જામીન અરજીના તબકકે અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે, જેથી અરજદાર/આરોપી ગુન્હામાં ભજવેલ રોલ અને તેની ગંભીરતા ધ્યાને લેતાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક સત્તા વાપરવી ઉચિત જણાતું નથી, તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી આથી **''નામંજુર''** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : દસમી, માહે : જુન, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૬/૨૬
મુ.મોડાસા

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
સત્ર ન્યાયાધીશ
અરવલ્લી -મોડાસા
(કોડ નં.જી.જે.૦૧૫૧૨)

ડી.ટી.મકવાણા